# મોદી-ઓબામા વચ્ચે સફળ શિખર મંત્રણા

## કેમ છો મિસ્ટર પ્રાઇમ મિનિસ્ટર કહી ઓબામા દ્વારા સ્વાગત કરાયું

વોશિંગ્ટન,તા.૩૦

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવા આજે સહમત થયા હતા. સાથે સાથે સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવા રાજી થયા હતા. વિશ્વના તમામ દેશોને રાહત થાય તે અંગે પણ તૈયારી દર્શાવવામાં આવી હતી. સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, સુરક્ષા મામલાઓ અને આતંકવાદ સામેની લડાઈના મુદ્દે પણ બંને નેતાઓ રાજી થયા હતા. વ્હાઈટ હાઉસ ડિનરમાં તેમની પ્રથમ બેઠક બાદ જારી કરવામાં આવેલા સંયુક્ત વિઝન સ્ટેટમેન્ટ ચલે સાથ, ફોરવર્ડ ટુ ગેધર વી ગો નામમાં બંને નેતાઓ ઘણા બધા મુદ્દાઓ ઉપર વાત કરી હતી. એવો નિર્ણય પણ કરાયો હતો કે, ભારત અને અમેરિકા માત્ર એક બીજાના લાભ માટે જ નહીં બલ્કે વિશ્વના લાભ માટે કામ કરશે. સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સુરક્ષા અને અન્ય પાસાઓ ઉપર પણ ચર્ચા થઈ છે. સંયુક્ત નિવેદનમાં બંને ક્લાઈમેટ ચેન્જ દ્વારા ઉભા થયેલા ખતરા સામે પણ સાથે લડવા તૈયાર થયા છે. પ્રદૂષણને રોકવા માટેના મુદ્દા ઉપર પણ તૈયારી દર્શાવવામાં આવી છે.

૨૧મી સદીમાં એક વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે બંને દેશો આગળ વધશે. આર્થિક વિકાસના કારણે તમામ લોકોની આજીવિકા સુધરે તે પણ ખુબ જ જરૂરી છે. ઓપન માર્કેટના મહત્વ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. અગાઉ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે શાનદાર ડિનર પાર્ટી યોજી હતી. જેમાં બન્ને દેશોના ટોપના નેતાઓ હાજર રહ્યા હતા. ડિનર પાર્ટી શરૂ થાય તે પહેલા સવારે નરેન્દ્ર મોદી બ્લાયર હાઉસથી રવાનો થયો હતો. વ્હાઈટ હાઉસે ડિનર બાદ અખબારી યાદી જારી કરીને ચલે સાથ સાથ એમ હિન્દીમાં કહ્યું હતુ. ડિનર પાર્ટીમાં મિશેલ ઓબામા હાજર રહ્યા ન હતા.

વ્હાઈટ હાઉસની બહાર જોરદાર ઉજવણી કરવામાં આવી હતી. ડીનર પાર્ટીમાં બન્નેની સાથે ૨૦ લોકો સામેલ થયા હતા.વહેલી પરોઢે આ બેઠક શરૂ થઈ હતી. મોદીએ પ્રવેશદ્વારા ઉપર પહોંચીને મોદીનુ સ્વાગત કર્યું હતુ. કેમ છો મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર કહીને ઓબામાએ સ્વાગત કર્યું હતું. અમેરિકાના ઐતિહાસિક ન્યુયોર્કના મેડીસન સ્ક્વેર ગાર્ડન ખાતે સંબોધન કર્યા બાદ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોચના અમેરિકી સીઈઓને મળ્યા હતા અને ભારતમાં મોટાપાયે રોકાણ કરવાની વાત કરી હતી. મોદી ૧૭ જેટલા ટોચના સીઈઓને મળ્યા હતા જેમાં ભારતમાં રહેલી તકો અંગે વાત કરી હતી. મોદી ૧૧ અમેરિકી સીઈઓ સાથે બ્રેકફાસ્ટ પર મળ્યા હતા ત્યારબાદ બીજા છ અમેરિકી બિઝનેસ લીડરો સાથે પણ વાતચીત કરી હતી અને કમ મેક ઈન ઈન્ડિયાની ઓફર કરી હતી. ન્યુયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં મેગા શોના આગલા દિવસે આજે ટોચની કંપનીઓના સીઈઓને મળ્યા હતા. મોદીનો જાદુ અહીં પણ છવાયેલો રહ્યો હતો. ડિનર પાર્ટીનુ આયોજન મોદીના સન્માનમાં યોજાઈ હતી. મોદી વોશિંગ્ટનમાં બ્લેયર હાઉસમાં રોકાયા છે. ડિનર પાર્ટીમાં મોદીની સાથે વિદેશ પ્રદાન સુષ્મા સ્વરાજ અને અન્ય ભારતીયો હાજર રહ્યા હતા. આશરે ૯૦ મિનિય સુધી આ બેઠક ચાલી હતી.

# ખેડૂતોની વસ્તીમાં ૯૦ લાખ સુધીનો નોંધપાત્ર ઘટાડો થયો

નવી દિલ્હી,તા. ૩૦

દેશમાં ખેડૂતોની વસ્તીમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૦૧ની સરખામણીમાં ખેડૂતોની સંખ્યામાં આશરે ૯૦ લાખનો ઘટાડો થયો છે. ચાર દશકમાં પ્રથમ વખત ખેડૂતની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાતા સરકારની ચિંતા વધી ગઈ છે. વસ્તી ગણતરી સાથે સંબંધિત આંકડાઓ જારી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે કુલ વર્કફોર્સ પૈકી સિંચાઈ સાથે સંકળાયેલા ખેડૂતોમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. ૧૯૭૧ બાદથી પ્રથમ વખત ખેડૂતોની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. રજિસ્ટ્રાર્ડ જનરલ ઓફ ઈન્ડિયાની ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે સાક્ષરતાનો દર અને સેક્સ રેસિયો પણ બદલાયો છે. ભારતની વસ્તી, સાક્ષરતાનો દર અને સેક્સ રેસિયો માટે અંતિમ આંકડા આપનાર વસ્તી ગણતરીના આ આંકડામાં વિગતવાર માહિતી આપવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે વર્કરોને ચાર ઓદ્યોગિક કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા છે જેમાં સિંચાઈ કરનારાઓ, કૃષિ લેબર, હાઉસ હોલ્ડ ઈન્ડસ્ટ્રી વર્કરો અને અન્યોનો સમાવેશ થાય છે. સિંચાઈ કરનારાઓ બીજા સૌથી મોટા ગ્રૂપ તરીકે છે અને તેની સંખ્યા ૧૧૯ મિલિયનની આસપાસની છે પરંતુ કુલ વર્કફોર્સ પૈકી ચોથા ભાગ કરતા પણ ઓછા વર્કરોની સંખ્યા ઘટી છે. વર્ષ ૨૦૦૧ની સરખામણીમાં ટકાવારી ઘટતાં સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા ૫૦ વર્ષમાં કુલ વસ્તી પૈકી ખેડૂતોની સંખ્યા સ્થિર રીતે ઘટી રહી છે પરંતુ આંકડાકીય દૃષ્ટિએ જોવામાં આવે તો આ સંખ્યા વધુ પ્રમાણમાં ઘટી છે. અગાઉના દશકોમાં કૃષિ મજૂરોમાં વધારો થયો હતો. હવે ૧૧૪ મિલિયન કૃષિ મજૂરો છે જે કુલ વર્કર વસ્તીના ૩૦ ટકાની આસપાસ છે જે ૨૦૦૧માં ૨૬.૫ ટકા હતી. કૃષિ લેબરમાં વધારો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે જે પૈકી ઉત્તરોઉત્તર સમયગાળાનો જમીન જાળવતા લોકોની સંખ્યામાં ઘટાડો થઈ ગયો છે. સિંચાઈ કરનારાઓ અને કૃષિ મજૂરો વચ્ચે કૃષિમાં ૨૬૩ મિલિયન લોકો કામ કરી રહ્યા છે જે પૈકી તમામ લોકો પૈકી અડધા છે. કૃષિને પ્રોત્સાહન આપવા માટે સરકાર વારંવાર ફાળવણીમાં વધારો કરે છે. અન્ય પગલાં પણ લે છે. છતાં કૃષિ કરનાર લોકોની સંખ્યા ઘટી રહી છે. ભારત મુખ્ય રીતે કૃષિ ઉપર આધારિત દેશ છે આવા સમયમાં ખેડૂતોની સંખ્યામાં ઘટાડો થવાની બાબત ગંભીર ચિત્ર રજૂ કરે છે.

**આરબીઆઈ પોલિસી સમીક્ષાથી કારોબારી નિરાશ**

# વર્ષ ૨૦૧૫માં રેટમાં કોઈ જ ઘટાડો કરાશે નહીં : નિષ્ણાતો

નવી દિલ્હી,તા. ૩૦

**આરબીઆઈએ આજે તેની નીતિ સમીક્ષા જારી કરી હતી જેમાં વ્યાજદરને યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કેટલાક નિષ્ણાતો માની રહ્યા છે કે, ૨૦૧૫માં રેટમાં કાપ નહીં મુકાય બલ્કે વધારો કરવામાં આવશે. સીપીઆઈ ટાર્ગેટને લઈને આરબીઆઈ કેટલાક પગલા લઈ શકે છે. જેપી મોર્ગાના નિષ્ણાત જહાંગીર અઝીજે કહ્યું છે કે, આરબીઆઈ રેટમાં કાપ મુકવાના બદલે રેટમાં વધારો કરી શકે છે. કારણ કે, હાલમાં સ્થિતિ ખુબ જ પ્રવાહી બનેલી છે. જો અર્થતંત્ર પાંચથી ૫.૫ ટકાના વિકાસ દરે આગળ વધશે તો સંશાધનો ઉપર વધુ દબાણ વધશે જેથી કોર ફુગાવો ઉંચો રહેશે. આયાત ઉપર દબાણ વધી જશે. રેટમાં ફેરફારને લઈને નવા પગલા લેવામાં આવે તેવી શક્યતા હાલમાં દેખાઈ રહી નથી. રઘુરામ રાજન મોંઘવારીને ધ્યાનમાં લઈને હાલમાં આગળ વધી રહ્યા છે. મોંઘવારીને લઈને સરકાર પણ પરેશાન છે. આવી સ્થિતિમાં કોઈપણ પગલા વધુ સમસ્યા ઉભી કરી શકે છે.**

# ભારતમાં શિક્ષકોની મોટાપાયે ભરતી કરવાની તાકીદની જરૂર

લખનૌ,તા. ૩૦

ધોરણ ૧થી અંગ્રેજીને ફરજિયાત વિષય બનાવવાનો નિર્ણય ઉત્તર પ્રદેશ સરકારે પણ કરી દીધો છે પરંતુ તેની સ્કૂલોમાં કુશળ તાલીમ પામેલા ઈંગ્લિશ શિક્ષકોની પૂરતી સંખ્યા હજુ પણ દેખાઈ રહી નથી. ભારતમાં શિક્ષકોની સૌથી વધારે અછત ઉત્તર પ્રદેશમાં દેખાઈ રહી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશનના પૂર્વ ચેરમેન અશોક ગાંગુલીના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશમાં રથી ૨.૫ ટકા શિક્ષકો (પ્રાથમિક અને માધ્યમિક) અંગ્રેજીમાં ભણાવી શકે છે અથવા તો વાતચીત કરી શકે છે. ઉત્તર પ્રદેશમાં પહેલાથી જ શિક્ષકોની ભારે અછત દેખાઈ રહી છે. હિંદી ભણાવનાર શિક્ષકોની સંખ્યા પણ ઓછી છે. વિજ્ઞાનના શિક્ષકો હિંદી ભણાવી રહ્યા છે જ્યારે ગણિતના શિક્ષકો સામાજિક વિજ્ઞાનના ક્લાસ લઈ રહ્યા છે. ગાંગુલીનું કહેવું છે કે ઉત્તર પ્રદેશ માટે તાત્કાલિક ધોરણે સારા અને કુશળ શિક્ષણ પામેલા શિક્ષકોની જરૂર છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને વધુ સારી તાલીમ આપવાની પણ જરૂર છે. ક્લાસરૂમનું શિક્ષણ પણ જરૂરી બની ગયું છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે દેશભરમાં ઉત્તર પ્રદેશમાં સ્કૂલોમાં ત્રણ લાખ શિક્ષકોની જરૂર છે. અન્ય જે રાજ્યમાં શિક્ષકોની અછત પ્રવર્તી રહી છે તેમાં બિહાર અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. બિહારમાં ૨.૬૦ લાખ અને પશ્ચિમ બંગાળમાં એક લાખ શિક્ષકોની અછત છે. એજ્યુકેશનના ડિસ્ટ્રીક્ટ ઈન્ફરમેશન સિસ્ટમ દ્વારા મૂકાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં ૮.૬ લાખ તાલીમ નહીં પામેલા શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. ઉત્તર પ્રદેશ એકલામાં નેશનલ કાઉન્સીલ ફોર ટિચર એજ્યુકેશન (એનસીટીઈ)ના ધારાધોરણ મુજબ ૧.૪૩ લાખ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી.

ઉત્તર પ્રદેશમાં ખાનગી સ્કૂલોમાં આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨૫ ટકા અનામતની જોગવાઈ પણ અમલી બનાવાઈ નથી. ગાંગુલીનું કહેવું છે કે સ્કૂલોમાં નાણાની અછતની વ્યાપક ફરિયાદો છે. અલબત્ત આ બાબત બીજું કારણ છે. મુખ્ય ધ્યાન તમામ માટે શિક્ષણ ઉપર કેન્દ્રીત થવું જોઈએ. પારદર્શક અને અડચણમુક્ત ફી ધોરણ જરૂરી છે. સીબીએસઈના વડાનું કહેવું છે કે ઉત્તર પ્રદેશમાં રથી ૨.૫ ટકા પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના શિક્ષકો જ અંગ્રેજીમાં વાતચીત કરી શકે છે.

# જયલલિતાની જામીન અરજી પર સુનાવણી છઠ્ઠી સુધી ટળી

બેંગ્લોર, તા.૩૦

કર્ણાટક હાઈકોર્ટે અન્નાદ્રમુકના વડા અને તમિળનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતાની જામીન અરજી ઉપર સુનાવણી ૬ઠ્ઠી ઓક્ટોબર સુધી ટાળી દીધી છે. ત્યારબાદ હવે જયાને સોમવાર સુધી જેલમાં જ રહેવું પડશે. તમિળ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ હડતાળ ઉપર ઉતરી ગઈ છે. જયલલિતા અને તેમના ત્રણ સાથીઓને આજે કર્ણાટક હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરીને સ્પેશિયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંક્યો હતો. જાણિતા વકીલ રામ જેઠમલાણીએ જયલલિતા તરફથી ઉપસ્થિત થઈને જોરદાર દલીલો કરી હતી. સાથે સાથે તેમની તબિયત સારી નહીં હોવાની વાત કરીને જામીનની વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, સજાની સાથે જે દંડ ફટકારવામાં આવ્યો છે તે પીસીએ ૧૯૮૮ એક્ટમાં સંમત નથી. જયલલિતા તરફથી દાખલ કરવામાં આવેલી જામીન અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૮ વર્ષમાં આ કેસના કારણે જયલલિતાને ઘણી તકલીફોનો સામનો કરવો પડ્યો છે. જયલલિતા ડાયાબિટીસ અને હાઈબ્લડ પ્રેશર સાથે પણ ગ્રસ્ત છે. બેંગ્લોરની એક ખાસ અદાલતે અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં ચાર વર્ષની જેલની સજા ફટકારી હતી. સાથે સાથે ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. બીજી બાજુ તમિળનાડુમાં ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો હડતાળ ઉપર જતાં રહ્યા છે. તમિળ ફિલ્મ ઈન્ડસ્ટ્રી ઘણા લોકો ભૂખ હડતાળ ઉપર ઉતરી ગયા છે. તેમનું કહેવું છે કે, અમ્માએ ઈન્ડસ્ટ્રી માટે ઘણુ કામ કર્યું છે. કોર્ટના ચુકાદા સામે ટિપ્પણી કરી શકાય નહીં પરંતુ ભૂખ હડતાળ જયલલિતાના સમર્થનમાં શરૂ કરવામાં આવી છે.

અન્નાદ્રમુકના વડા જયલલિતાને અપરાધી ઠેરવીને આકરી સજા ફટકારવામાં આવ્યા બાદ તમિલનાડુમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. આજે સતત ચોથા દિવસે અન્નાદ્રમુકના સમર્થકોએ ધરણા યોજ્યા હતા. જોરદાર દેખાવો પણ કર્યા હતા. ઉપવાસ પણ કરવામાં આવ્યા હતા. જયલલિતાના હજારોની સંખ્યામાં સમર્થકો મેદાનમાં ઉતરી ગયા છે. સહાનુભૂતિનું મોજું રહ્યું હતું. પક્ષના કાર્યકરો અને તેમના સમર્થકો મેદાનમાં રહ્યા હતા. બીજીબાજુ પોલીસે કહ્યું છે કે, રાજ્યમાં કોઈપણ જગ્યાએ અનિચ્છનિય બનાવ બન્યો ન હતો.

## તમિળ ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ જયલલિતાની સાથે

બેંગ્લોર, તા.૩૦

તમિળનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આકરી સજા કરવામાં આવ્યા બાદ તમિળ સિનેમા ઈન્ડસ્ટ્રીના સભ્યો ભૂખ હડતાળ ઉપર ઉતરી ગયા છે. ભૂખ હડતાળ ઉપર ઉતરી જવાના કારણે ભારે અસર થઈ છે. તમિળનાડુ પ્રોડ્યુસર્સ કાઉન્સિલ સહિત જુદા જુદા ઈન્ડસ્ટ્રી એસોસિએશનો અને સાઉથ ઈન્ડિયન આર્ટિસ્ટ એસોસિએશનના લોકો ભૂખહડતાળ ઉપર ઉતરી ગયા છે. જાણિતા અભિનેતા આર શરદકુમાર, ધારાસભ્યો, નિર્દેશકો વિક્રમન અને લિયાકત અલી ખાન, નિર્માતા એસ ધાનુ, ટી શિવા પણ દેખાવમાં જોડાઈ ગયા છે. આજે દિવસ દરમિયાન દેખાવો જારી રહ્યા હતા. તમિળ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો જયલલિતાના સમર્થનમાં આવ્યા છે. ચેન્નાઈ અને તેમના આસપાસના વિસ્તારોમાં ફિલ્મ અને ટીવી સિરિયલોના શૂટિંગ પણ રોકી દેવામાં આવ્યા છે. કેટલાક શો પણ રદ કરવામાં આવ્યા છે. અન્નાદ્રમુકને જોરદાર સમર્થન મળી રહ્યું છે જે જયલલિતા માટે સારી બાબત છે.

# રાહુલના પરિણામે કોંગ્રેસ સાથે સંબંધ તુટ્યા : પવાર

નવી દિલ્હી,તા. ૩૦

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે કહ્યું છે કે, રાહુલ ગાંધી અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવાણના પરિણામે તેમની પાર્ટીના કોંગ્રેસ સાથે સંબંધો તુટ્યા નથી. યુપીએ સરકારના કૃષિ પ્રધાન રહી ચુકેલા મરાઠા નેતાએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે એનસીપીની સતત અવગણના કરી હતી જેના પરિણામ સ્વરુપે ૧૫ વર્ષ જુના સંબંધો તોડી દેવાની ફરજ પડી છે. તેમણે કહ્યું હતું કે, અમે છેલ્લા કેટલાક સમયથી જોઈ રહ્યા હતા કે, રાહુલ ગાંધી અને તેમની ટીમના લોકો સતત અવગણના કરી રહ્યા હતા. આ લોકો અમારી પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આવી સ્થિતિ હોવા છતાં અમે સંબંધો જાળવી રાખવાના પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ છેલ્લે સંબંધો તુટી ગયા છે. એનસીપી વડાએ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ઉપર પણ તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, પૃથ્વીરાજ જાણી જોઈને એનસીપી અંગે અફવાઓ ફેલાવી રહ્યા હતા જેથી અમને નુકસાન થઈ રહ્યું હતું. પવારે દાવો કર્યો હતો કે, અમે અગાઉના કોંગ્રેસ મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ, સુશીલકુમાર શિંદે અને અશોક ચવાણની સાથે કોઈ સમસ્યા નડી ન હતી. પવારે કહ્યું હતું કે, પૃથ્વીરાજ ૧૯૯૯ની લોકસભા ચૂંટણીમાં એનસીપીના ઉમેદવારથી હારી ગયા હતા. જેથી બદલો લઈ રહ્યા હતા. પવારે કહ્યું હતું કે, કોંગ્રેસ સાથે સંબંધો તુટવા માટે અન્ય ઘણા કારણો પણ જવાબદાર રહ્યા છે. અજીત પવારને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અજીત પવાર કુશળ નેતા છે. સાથે સાથે અજીત પવાર ક્ષમતા પણ ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાને ચૂંટણી પરિબળ માનવાનો ઈન્કાર કરીને પવારે કહ્યું હતું કે, પ્રદેશમાં મોદી લહેર નથી.

# હરિયાણાને કોંગ્રેસમુક્ત બનાવવા માટે અનુરોધ

હિસાર, તા.૩૦

લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં મળેલી શાનદાર જીત બાદ વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ જોરદાર દેખાવ કરવાની તૈયારીમાં છે. પ્રદેશમાં ૧૫મી ઓક્ટોબરના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી પ્રચાર માટેની જવાબદારી અમિત શાહે સંભાળી લીધી છે. ભાજપ પ્રમુખ આક્રમકરીતે પ્રચાર કરી રહ્યા છે. અમિત શાહ હરિયાણામાં સતત રેલીઓ યોજી રહ્યા છે. અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હૂડા ઉપર આક્ષેપો કરતા કહ્યું હતું કે, હરિયાણા શક્તિશાળી લોકોની ભૂમિ છે પરંતુ અહીના વડા દિલ્હી દરબારમાં ઝુંકીને ચાલે છે. શાહે દિલ્હી દરબારનો ઉપયોગ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે કર્યો હતો. રેલીને સંબોધતા શાહે કહ્યું હતું કે, દેશને હવે એક એવા વડાપ્રધાન મળ્યા છે જે વાત કરે છે, મોરચા પણ સંભાળે છે અને નિર્ણય પણ લે છે.

**બીજી ઓક્ટોબરના દિવસે ફિલ્મ રજૂ થશે**

# રિલીઝ થયા બાદ કિકનો રેકોર્ડ બેંગબેંગ તોડી દેશે

મુંબઈ,તા. ૩૦

બોલીવુડ સ્ટાર સલમાન ખાનની કિક વર્ષ ૨૦૧૪ની હજુ સુધી સૌથી મોટી હિટ ફિલ્મ સાબિત થઈ છે પરંતુ કિકનો રેકોર્ડ ટૂંક સમયમાં જ તુટે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી ઓક્ટોબરના દિવસે રિતિક રોશન અને કેટરીના કૈફની ફિલ્મ બેંગબેંગ સૌથી વધારે દેશોમાં રિલિઝ થવાનો રેકોર્ડ બનાવશે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મ ૫૦થી વધુ દેશોમાં ૪૫૦૦થી વધુ સ્ક્રીનમાં રજૂ થવા જઈ રહી છે. અલબત્ત સ્ક્રીનના મામલામાં કિક આગળ રહી છે પરંતુ બેંગબેંગ વધુ દેશોમાં રિલીઝ થઈને નવો રેકોર્ડ બનાવશે. બેંગબેંગ ગુરુવારના દિવસે રજૂ કરવામાં આવી રહી છે. મૂળભૂતરીતે શુક્રવારના દિવસે ફિલ્મ રજૂ કરવામાં આવે છે. ચાર દિવસ માટે વિકેન્ડ મળશે. આ ઉપરાંત ગાંધી જયંતિ અને તહેવારની સિઝન હોવાના કારણે સતત પાંચ દિવસની રજાની કમાણી પણ કામ લાગી શકે છે. ફોક્સ સ્ટુડિયોના સીઈઓ વિજય સિંહે કહ્યું છે કે, બીજી ઓક્ટોબરના દિવસે બેંગબેંગ દુનિયાભરમાં બોલીવુડની સૌથી મોટી રજૂઆત થશે. બ્રિટન, અમેરિકા અને મિડલઈસ્ટમાં સ્ક્રીનની સંખ્યા હજુ સુધી સૌથી વધારે રહેશે. બેંગબેંગ ટોમક્રુઝ અને કેમરુનની હોલિવુડ ફિલ્મ નાઈટ એન્ડ ડેની રિમેક ફિલ્મ છે. આ ફિલ્મમાં રિતિક રોશન અને કેટરીના કૈફે મુખ્ય ભૂમિકા અદા કરી છે. રિતિક રોશને છેલ્લે ક્રિશ-૩ ફિલ્મમાં ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. હવે બેંગબેંગ ફિલ્મ પણ આવી જ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. ઓનસ્ક્રીન આ ફિલ્મને સૌથી મોટી ફિલ્મ તરીકે કેમેસ્ટ્રીની દૃષ્ટિએ પણ ગણવામાં આવે છે. રિતિક અને કેટરીના બોલીવુડના બે સૌથી ખુબસુરત કલાકારો આ ફિલ્મમાં એક સાથે કામ કરવા જઈ રહ્યા છે. ઉપરાંત વિતેલા વર્ષોમાં ટોમ ક્રૂઝની ફિલ્મ પણ ધુમ મચાવી ચુકી છે. બેંગબેંગ ફિલ્મના ગીતો અને એક્શન દ્રષ્યોથી ચાહકો પહેલાથી જ પ્રભાવિત થઈ ચુક્યા છે. આવી સ્થિતિમાં આ ફિલ્મ ચોક્કસપણે હિટ સાબિત થશે.

## સમાચાર ઝલક

- સુરતમાં કુંવારી માતાએ બાળકને જન્મ આપતા જ તેની નાનીએ તેની કરેલી હત્યા.
- અંગ્રેજોના સમયના ૧૦૦૦ જેટલા કાયદાઓ ટુંક સમયમાં રદ થશે.
- કચ્છના પૂર્વ આઈ.એ.એસ. અધિકારી પ્રદીપ શર્માની એ.સી.બી. દ્વારા ધરપકડ.
- જામનગર તાલુકાના સિક્કામાં ખાનગી ઓફિસમાંથી રૂપિયા ત્રીસ હજારની કિંમતના લેપટોપની ઉઠાંતરી.
- નવરાત્રિ પર્વે શારદાપીઠના દંડી સ્વામીનો સંદેશ : 'શ્રી વિદ્યા એજ બ્રહ્મ વિદ્યા'.
- 'સોના કરતા ઘડામણ મોંઘી..' કહેવતને ભૂલી જાવ - જામનગરના વિવિધ પ્રતિષ્ઠિત જ્વેલર્સોમાં શરદ પૂનમ સુધી સુવર્ણ આભૂષણો પર ભવ્ય ફેસ્ટીવલ ડીસ્કાઉન્ટ.
- અમદાવાદ-રાજકોટમાં વરસાદ : નોરતાના ઓરતા પર ફરી શકે પાણી.
- અમદાવાદના ઘોડાસરમાં ૧૦ લાખની ઘરફોડ ચોરી.
- હજ પઢવા મક્કા પહોંચ્યા કાદરખાન : વ્હીલચેરમાં જોવા મળ્યા.
- પાંચ દિવસ બાદ વડોદરામાં શાંતિ, ઈન્ટરનેટ પરનો પ્રતબંધ હટાવાયો.